**વડીલોને વંદન**

**અભિનંદન**



કુંજલતાબેન કે. શાહ
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૨૯૪

# ધાનેરામાં તસ્કરોનો તરખાટ યથાવત : એક જ રાતમાં પાંચ દુકાનના તાળા તુટયા



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)



ધાનેરા, તા.૮

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી મંદિરો દુકાનો અને રહેણાંક વિસ્તારોમાં ચોરીના વધતા બનાવોથી પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ધાનેરામાં આવેલ સુપર માર્કેટમાં આવેલી એક સાથે પાંચ દુકાનોના તાળા તોડી તસ્કરોએ ભારે તરખાટ મચાવ્યો છે.

પરિણામે વેપારીઓ અને રહીશોમાં ફફડાટ ફેલાયો છે. તસ્કરોએ એક જ રાતમાં પાર્લરની દુકાન, પુસ્તકની દુકાન, તેમજ ફરસાણની દુકાન એમ કુલ પાંચ દુકાનોને નિશાન બનાવી તેમાં તાળા તોડયા હતા અને અંદાજે રૂ.૧ હજારની આસપાસનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા.

ધાનેરાના નગરજનોએ ધાનેરા પોલીસે તરખાટ મચાવતી તસ્કર ટોળકીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## ટીંટોડા ગામમાં દરોડો પાડી એલ.સી.બી.એ ૫૪ બોટલ દારૂ પકડ્યો

ગાંધીનગર એલ.સી.બી. પી.એસ.આઈ. એચ.એલ. સોલંકી તથા તેમની ટીમે બાતમીને આધારે ગાંધીનગર પાસે આવેલા ટીંટોડા ગામમાં એક મકાનમાં દરોડો પાડીને દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. ટીંટોડા ગામના બુટલેગર હિંમતજી લખાજી ઠાકોરની ૫૪ નંગ નાની મોટી દારૂની બોટલો સાથે ધરપકડ કરી લઈ પોલીસે રૂ. ૬૨૦૦નો મુદ્દામાલ કબજે લઈ કાર્યવાહી ધરી છે.



સે-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે રામનવમી અને સહજાનંદ સ્વામીના જન્મદિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચિલોડા પાસે રસ્તો કોર્ડન કરીને પોલીસે દારૂ ભરેલી સેન્ટ્રો કાર પકડી

### દારૂ પીયરનો જથ્થો મળીને ૨.૧૩ લાખના મુદ્દામાલ સાથે બે બુટલેગરોની ધરપકડ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૮

ચિલોડા પી.એસ.આઈ. જે.બી. ચાવડાને આજે સવારે બાતમી મળી હતી કે હિંમતનગર રોડ પરથી આવી રહેલી એક સેન્ટ્રો કારમાં દારૂ બીયરનો જથ્થો ભરેલો છે. જે અમદાવાદ તરફ ચિલોડા રોડ પરથી જવાની છે. તેને આધારે તેમની ટીમના દેવેન્દ્રસિંહ, યજવેન્દ્રસિંહ, ઈશ્વરભાઈ, નીરવભાઈ સહિતના માણસોએ ચિલોડા તથા મહુન્દ્રા પાટીયા પાસે નાકાબંધી કરી દઈ વોચ પર ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળી સેન્ટ્રો કાર આવતા પોલીસે રસ્તા આડે વાહનો મુકી દીધા પરંતુ બુટલેગર ડીવાઈડર કુદાવીને ભાગવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ચિલોડા પોલીસની ટીમે સેન્ટ્રો પકડી પાડીને તપાસ કરતા તેની ડેકીમાંથી ૧૧૩ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૨૭૨ નંગ બીયરના ટીન મળી રૂ. ૬૧૧૦૦નો દારૂ બીયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અમદાવાદ રામોલ વિસ્તારના બુટલેગર સુનીલ ખટીક અને ઠક્કરબાપાનગરના નારણ મારવાડી બંનેની કુલ રૂ. ૨,૧૩,૬૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી.

# પ્રાંતિજના સાદોલિયા પાસેથી ૩૭,૨૦૦નો વિદેશી દારૂ ઝડપાયો

### પોલીસે કુલ ૧.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરી બેની ધરપકડ કરી

પ્રાંતિજ, તા.૮

પ્રાંતિજના સાદોલિયા પાસેથી બાતમીના આધારે પ્રાંતિજ પોલીસે રૂ. ૩૭,૦૦૦થી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો અને બે આરોપીની ધરપકડ કરી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હિંમતનગરથી પ્રાંતિજ તરફ આવતી મારૂતિ ઝેન કાર નં. જીજે-૨-કે-૮૬૪૮માં દારૂનો જથ્થો હોવાની બાતમી પ્રાંતિજ પોલીસ મથકનાં પીઆઈ ભરત પટેલને મળી હતી જેના આધારે પ્રાંતિજ પોલીસની ટીમે માર્ગમાં વોચ ગોઠવી હતી અને બાતમી વાળી હકિકતવાળી કાર આવતા પોલીસે રોકી તે કારની તલાશી લીધી હતી અને તેમાંથી કુલ રૂ. ૩૭,૨૦૦નો દારૂ-બિયરનો જથ્થો પોલીસને મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૩૭,૨૦૦નો દારૂ રૂ. ૩,૦૦૦ના બે મોબાઈલ અને રૂ. ૧,૦૦,૦૦૦ની કાર મળી કુલ રૂ. ૧,૪૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બે આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# એલપીજી સિલિન્ડર પર વેટ ઘટાડવા ડિલરોની ઉગ્ર માંગ

રાજ્ય સરકાર દ્વારા કોમર્શિયલ એલપીજી સિલિન્ડર પર સૌથી વધુ ૧૫ ટકા વેટ લેવાતુ હોવાથી વેટ ટેક્સ ઘટાડવા રાજ્યના એલપીજી ડિલર્સ એસોસીએશને માંગ કરી છે. એસોસીએશનના અગ્રણીએ જણાવ્યું છે કે સરકાર દ્વારા લેવામાં આવતા ઉંચા વેટને કારણે રાંધણગેસના કાળાબજારનું પ્રમાણ વધશે ઉપરાંત રાજ્યને વેટ ટેક્સ પેટે જે આવક મળે છે તેમાં પણ સમસ્યા નડશે. વાત એમ છે કે રાજ્ય સરકાર દ્વારા ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડર પર ૧૫ ટકા વેટ લેવામાં આવે છે. જે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ છે. રાજ્ય સરકારે ઓક્ટ્રોય નાબુદ કર્યો ત્યારે એક વર્ષ માટે સરચાર્જ સ્વરૂપે ૨.૫ ટકા ટેક્સ લેવાનું નક્કી કર્યું હતું, પરંતુ તે હજુ સુધી લેવાનું ચાલુ છે. હાલ કોમર્શિયલ એલપીજી ઉપર ૧૨.૫ ટકા તથા ૨.૫ ટકા મળી કુલ ૧૫ ટકા વેટરૂપે ટેક્સ લેવામાં આવે છે. કેન્દ્ર સરકારે ૧લી એપ્રિલ ૨૦૧૪થી રાંધણગેસના ગ્રાહકોને ૧૨ સિલિન્ડર આપવાની બાંહેધરી આપી અમલ ચાલુ કર્યો છે. આ સિસ્ટમથી કુટુંબદીઠ સરપ્લસ સિલિન્ડર મળસે.

# વાસણ ગામમાં પોલીસે દરોડો પાડી દારૂ-બીયરનો જથ્થો પકડી પાડ્યો

### પેથાપુર પોલીસે રૂ. ૩૬,૪૦૦ના દારૂ સાથે બુટલેગરની ધરપકડ કરી લીધી





ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક આવેલા વાસણ ગામમાં એક મકાનમાં વિદેશી દારૂનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસની ટીમે ગઈ મોડી રાતે દરોડો પાડી વિદેશી દારૂ-બીયરનો જથ્થો મકાન પાસેથી ઝડપી પાડ્યો હતો. વાસણીયા ગામના બુટલેગરની પેથાપુર પોલીસે રૂ. ૩૬,૪૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

પેથાપુર પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાને ગઈ રાતે બાતમી મળી હતી કે ગાંધીનગર પાસે આવેલા વાસણ ગામમાં રહેતા એક શખ્સે તેના ઘરે જ ખાનગી રીતે દારૂનો ગેરકાયદે ધંધો શરૂ કરી દીધો છે જે બાતમીને આધારે પી.એસ.આઈ. તેમની ટીમ સાથે રાતે બાતમી વાળા સ્થળે પહોંચી ગયા હતા. રાતે બુટલેગરના મકાનમાં દરોડો પાડીને ચેકિંગ કરતા મકાન પાસે સંતાડેલો વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂનો તથા બીઅરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારૂના ૮૧ નંગ ક્વાર્ટર બોટલ કિ. રૂ. ૮૧૦૦ તથા ૨૪ નંગ બીયરના ટીન કિ. રૂ. ૨૪૦૦ અને અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૭૩ નંગ બોટલ કિં. રૂ. ૨૫,૯૦૦ મળીને કુલ રૂ. ૩૬,૪૦૦ના દારૂ બીયરના જથ્થા સાથે વાસણીયા મહાદેવ ગામના બુટલેગર વિજય લક્ષ્મણસિંહ વાઘેલાની ધરપકડ કરી લઈ પોલીસે દારૂ ક્યાંથી લાવ્યો હતો અને કેટલા સમયથી ધંધો કરતો હતો તે સહીતની સઘન પુછપરછ આરંભી છે.

# વડોદરામાં મોદીના રોડ શોને લઈ લોખંડી સુરક્ષા બંદોબસ્ત

### આતંકી હુમલાના ખતરાને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદીને ફરતે સુરક્ષાની લોખંડી દિવાલ : સાવચેતીના તમામ પગલા

અમદાવાદ, તા.૦૮

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બુધવારે વડોદરાની બેઠક પરથી લોકસભાની ચૂંટણી માટે તેમનું ઉમેદવારી પત્ર ભરનાર હોવાથી સમગ્ર વડોદરા શહેરમાં તથા આસપાસના વિસ્તારોમાં જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ગુપ્તચર સંસ્થાઓને મળેલા ઈનપુટ મુજબ કેટલાક આતંકી સંગઠનો સ્વ. રાજીવ ગાંધીની હત્યા કરાઈ તે સ્ટાઈલથી જ નરેન્દ્ર મોદીની હત્યા કરવા માનવ બોમ્બનો ઉપયોગ કરવા અથવા તો પાકિસ્તાનમાં ચૂંટણી દરમિયાન યોજાયેલા રોડ શોમાં જે રીતે બેનજીર ભુટ્ટોની હત્યા કરાઈ તેવી જ રીતે નરેન્દ્ર મોદીની આવતીકાલ રોડ શો દરમિયાન હત્યા કરવાનું કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાથી તંત્રને હાઈએલર્ટ કરી દેવાયું છે. નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે એરપોર્ટથી સીધા કીર્તિસ્તંભ જશે અને ત્યાંથી ખુલ્લી જીપમાં મતદારોનું અભિવાદન ઝીલતા વડોદરાના કુબેર ભવન ખાતે સ્થિત કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા જશે. આ રેલી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે નરેન્દ્ર મોદીને ૧૪૦૦ પોલીસ જવાનોનું સુરક્ષા કવચ પુરૂં પાડવામાં આવશે. નરેન્દ્ર મોદી આ રેલી દરમિયાન સુરક્ષાની સૂચનાઓને ધ્યાનમાં રાખીને કોઈ ભાષણ આપશે નહીં અને કીર્તિસ્તંભથી રેલી નીકળી રાજમહેલ રોડ, ન્યાય મંદિર, પદમાવતી શોપીંગ સેન્ટર, ગાંધીનગર ગૃહ, અમદાવાદી પોળ, રાવપુરા ટાવર, મચ્છીપીઠ થઈ સીધી કલેક્ટર કચેરીએ જશે. નરેન્દ્ર મોદીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં બિન ઉપયોગી પડી રહેલી જીપો અને કાર વગેરેને ઉપાડી લેવામાં આવી છે. અને કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં પણ બપોરે ૧:૩૦ સુધી વાહનોના પાર્કીંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીને ભાજપે વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કર્યા બાદ વડોદરા ખાતે કાલે તેમનો પ્રથમ રોડશો યોજાશે. જેના કારણે સુરક્ષા એજન્સીઓ તથા પોલીસ તંત્ર ખુબ જ સાબદુ બની ગયુ છે. આઈબીના ઈન્પુટ મુજબ આતંકી સંગઠનો નરેન્દ્ર મોદીની તેમના મતવિસ્તાર વારાણસી અથવા વડોદરામાં જ હત્યા કરવા અદિશ બન્યા હોવાથી તંત્ર મોદીની સુરક્ષામાં કોઈપણ કચાશ રાખવા માંગતી નથી.

# શબ્દાવલી - ૫૩૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ૮ | ૯ | | | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | | ■ | ■ | ૧૨ | ■ |
| ■ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | ૧૯ | ■ | ૨૦ | | |
| | ■ | ■ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | | | ■ | | ■ | |

**આડી ચાવી**

૧. મધ-ઘી-સાંકર-દહીં પાંચેય વસ્તુ ભેગી કરી બનાવાતો પ્રસાદ (૪)
૪. પાલનહાર, પાલના કરનાર (૩)
૬. પ્રેમ, પ્યાર (૩)
૭. મોટરગાડી (૨)
૮. રાશનની વસ્તુઓ (૪)
૧૦. મોકો, ચાન્સ (૨)
૧૩. નિત્ય, રોજ (૨)
૧૫. જરીબુટ્ટીના વણાટનું એક જાતનું કાપડ (૪)
૧૮. મજુર, કામ કરનાર માણસ (૪)
૨૦. ઢીંગુજી, ઢીંગણો (૩)
૨૧. જન્મ આપવા (૩)
૨૨. ફરસાણ, ચટપટી વાનગી (૪)

**ઊભી ચાવી**

૧. ગામ-તાલુકા-જીલ્લામાં વહીવટ કરતાં લોકોમાં ચુંટાયેલ મંડળ (૪)
૨. ઇચ્છા, મહેચ્છા (૨)
૩. મરનાર સંબંધી (૩)
૪. ઘોડિયું, ઝુલો (૩)
૫. મૃગની નાભીમાંથી મળતો સુગંધી પદાર્થ (૩)
૭. શરીર, તળ (૨)
૯. ક્રોધ, ગુસ્સો (૨)
૧૧. સોગન, સમન (૩)
૧૨. સારો ઉપદેશ, શિખ (૪)
૧૪. પિતાના પિતા (૨)
૧૬. સન્માન કરવું (૪)
૧૭. દુનિયા બનાવનાર (૪)
૧૮. જાજમ (૩)
૧૯. રટવું તે (૩)

**શબ્દાવલી ૫૩૬૦ના જવાબ**

***આડી ચાવી :-*** (૧) અડપલા (૪) સજની (૬) લાજવંતી (૮) પોયણું (૧૦) બીમ (૧૧) પાવક (૧૩) જંગલી (૧૫) ધજા (૧૭) નાજુક (૧૯) રાન (૨૦) પરવરીસ (૨૨) તમ (૨૩) નથડી

***ઊભી ચાવી :-*** (૧) અજંપો (૨) પલાણુ (૩) લાજ (૪) સતી (૫) નીરામય (૭) વંશાવલી (૯) યશ (૧૧) પાગલપન (૧૨) મધરાત (૧૪) મજુરી (૧૬) જાનમ (૧૭) નાવડી (૧૮) કસર (૨૧) રથ

## વિઝન મળતું નથી

***● અનુસંધાન છેલ્લાનું ટાલુ***

માર્ગ પર સ્થિત ક્રોસ રોડ પાસે આ સ્થતિના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. આ ઉપરાંત ઘ-૦થી શહેરમાં અંદર પ્રવેશતા પણ વાહનચાલકોને આવી જ મુશ્કેલી અનુભવવી પડે છે.

વન વિભાગ દ્વારા સેન્ટ્રલ વર્જને આકર્ષક બનાવવા રંગબેરંગી ફૂલોના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. પરંતુ આ રોપાઓ પ્રમાણમાં ઘણા મોટા થયા બાદ પણ યોગ્ય સમયે ટ્રીમીંગ ન થતા માર્ગ સલામતી જોખમમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## બે હજારનો વધારો

***● અનુસંધાન પહેલાનું ચાલુ***

ત્રણ વખત મતદારયાદી સુધારણા ઝુંબેશ પંચ દ્વારા ચલાવવામાં આવી હતી. પંચે આ વખતે મતદારયાદી સુધારણામાં બી.એલ.ઓ. દ્વારા સ્થળાંતર કરી ગયેલા મતદારો કેટલા શોધાયા તેવી ઝીણવટભરી કામગીરી પણ કરાવી હતી. આ ઉપરાંત મતદાર નોંધણી માટે ખાસ અભિયાનનો પણ રજાના દિવસોમાં યોજ્યા હતા. બુથ લેવલ ઓફિસરો દ્વારા પણ તેમને અપાતા વેતનમાં વધારો કરવો જોઈએ તેવી મૌખિક રજુઆત કરી હતી. પંચે આ અંગે યોગ્ય કરવાની ખાત્રી આપ્યા બાદ તાજેતરમાં આ વેતનમાં રાજ્ય સરકારે વધારો કરવો જોઈએ તેવી દરખાસ્ત કરી હતી અને ભલામણ પણ કરી હતી. જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અને આ વેતન વધારાના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

ચૂંટણી વિષયક કામગીરી સંભાળતા કર્મચારીઓના વેતનમાં પણ વધારો કરવા અંગે પંચમાં વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. જો કે આ અંગે નિર્ણય પણ ટુંકમાં લેવામાં આવે તેમ મનાઈ રહ્યું છે.

## નગરમાં રામ જન્મોત્સવ... ***● અનુસંધાન છેલ્લાનું ચાલુ***

કરવામાં આવ્યું હતું. સે. ૨૯ જલારામ મંદિર ખાતે પણ રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સે. ૩ સાંઈ મંદિર ખાતે ભજન, ધૂન તેમજ આરતી યોજવામાં આવી હતી. સે. ૩૦ ઝુલેલાલ-સાંઈબાબા મંદિર દ્વારા રામનવમી નિમિત્તે સાંઈ અને રામ જન્મોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ અન્વયે સવારે ૧૧ કલાકે રામધૂન તેમજ ૧૨ કલાકે મહાઆરતી તેમજ ત્યારબાદ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંઈબાબાના જન્મદિન નિમિત્તે આજે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. સે. ૪ ઓમકારેશ્વર મહાદેવ, સે. ૨૧ વૈજનાથ મહાદેવ તેમજ સે. ૧૭ હનુમાન મંદિર ખાતે પણ રામનવમીની ઉજવણી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દહેગામ અને માણસા ખાતે ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. જયશ્રીરામના જયઘોષ અને ભજન મંડળીઓની રંગત વચ્ચે શોભાયાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી. રામનવમી અને ચૈત્રી નવરાત્રીના ભાવિકોના અનુષ્ઠાનને લઈ શહેરના સેક્ટરોમાં સુંદરકાંડના પાઠ અને આનંદના ગરબાનું આયોજન થતા અનોખુ ભક્તિસભર વાતાવરણ જોવા મળ્યું હતું.

## મોદી વડોદરા માટે.. ***● અનુસંધાન પહેલાનું ચાલુ***

દ્વારા ગુજરાત ગૌરવ સમા વડોદરાના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીનું ફુલની પાંખડીઓથી સ્વાગત અને અભિવાદન કરવામાં આવશે. આ વિજય વિશ્વાસ રેલીમાં નરેન્દ્ર મોદી સાથે અગ્રણીઓ સહિત હજારો કાર્યકર્તાઓ અને વડોદરાના નગરજનો જોડાઈ નવો કીર્તિ માન સ્થાપિત કરશે. મુખ્યમંત્રીના ઉમેદવારીપત્ર ભરવાના પ્રસંગે ઓમ માથુર, આર.સી. ફળદુ, પરષોત્તમ રૂપાલા, ભીખુભાઈ દલસાણીયા, ભરતસિંહ પરમાર, ભરત પંડ્યા, આઈ.કે. જાડેજા, કૌશિક પટેલ, આનંદીબેન પટેલ, નીતિન પટેલ, સૌરભ પટેલ સહિત અગ્રણી કાર્યકર્તાઓ અને વડોદરા મહાનગરના નગરજનો જોડાશે.

## શખ્સ ઝડપાયો

***● અનુસંધાન છેલ્લાનું ચાલુ***

કેતનકુમાર, વિપુલભાઈ સહિતના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે કેતનકુમારને બાતમી મળી કે સેક્ટર-૨૪ શાકમાર્કેટમાં એક શખ્સ ચોરીનું લેપટોપ અને મોબાઈલ વેચવા ફરી રહ્યો છે. ટીમે વોચ ગોઠવીને સુરત શહેરના રહેવાસી અને સેક્ટર-૨૬ પોલીટેકનીકમાં અભ્યાસ કરતા સાઈદ અહેમદખાન ખુર્શીદ અહેમદખાન પઠાણને પકડી પાડી તેની તલાશી લીધી હતી.

જેમાં એક લેપટોપ અને એક મોબાઈલ મળી આવ્યા હતા જેનું બિલ પણ તેની પાસે ન હતુ. પોલીસે તેને પકડીને પુછપરછ કરતા તેને ૪ માસ અગાઉ આ લેપટોપ અને મોબાઈલ કોલેજમાંથી જ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેની ધરપકડ કરીને વધુ પૂછતાછ માટે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# પ્રાંતિજ ખાતે ૩૫ વર્ષથી શિક્ષણ પિરસતા શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષકનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતેની શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં ફરજ બજાવતા વી.જી. પટેલ વય નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. તે ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં તત્વજ્ઞાન વિષય ભણાવતા હતા.

૧૯૭૯ થી ૨૦૧૪ સુધી શાળામાં સતત શિક્ષણ પિરસતા હતા ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ શાળાએ મને માન-સન્માન આપ્યું છે. અને હું હંમેશા શાળાનો ઋણી રહીશ. શાળા પરિવાર દ્વારા શ્રી પટેલને શાલ ઓઢાડી મોમેન્ટો આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય મીઠાભાઈ પટેલ, જે.જે. પટેલ, મંજુલાબેન સહિત વિદ્યાર્થીઓ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કાર્યક્રમનું આયોજન એમ.એમ. ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.